# ખેડબ્રહ્માનાં માર્ગો પર રખડતાં ઢોરોથી નગરજનો ત્રાહિમામ

ખેડબ્રહ્મા, તા. ૧૩

ખેડબ્રહ્મા શહેરના જાહેર માર્ગો પર ઘણા સમયથી અડીંગો જમાવી બેસી રહેતા પશુઓના કારણે નગરજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે સોમવારે સાંજે પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતા બાઈકચાલકને ગાયે ભેટુ મારતા ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે ઈડર ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેથી લક્ષ્મીપુરા ચાર રસ્તા - બસ સ્ટેન્ડ - પેટ્રોલ પંપ - પોલીસ સ્ટેશન - સરદાર ચોક સહીતના વિસ્તારોમાં રખડતા તથા પાલતુ ઢોરોની સમસ્યાને નાથવા પાલિકા તંત્ર નિષ્ફળ નિવડ્યુ છે. માર્ગો પર રખડતા ઢોરના ટોળેટોળા અડીંગો જમાવી બેસી રહે છે. આ રખડતા ઢોરોની હડફેટે મહીલાઓ-બાળકો અને બાઈકચાલકો આવી જતા હોય છે. દરમિયાન સોમવારે ત્યારે એક ગાયે શીંગડે ચડાવ્યા હતા તેથી રામભાઈને પાંસળીના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી સારવાર માટે ઈડર ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. રખડતા ઢોરના ત્રાસમાંથી શહેરીજનોને મુક્ત કરવામાં તંત્ર નિષ્ફળ રહેતા પ્રજામાં રોષની લાગણી ફેલાઈ છે.

આ અંગે પાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર નરેન્દ્રસિંહ જે. પરમારે



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

લોકોમાં આક્રોશ ફેલાયો છે. પાલિકા દ્વારા રખડતા ઢોરોને અંકુશમાં લેવા સખત કાર્યવાહી કરવા લોકોની માંગણી છે.

આરાધના ટોકીઝ - સાંજના સુમારે ખેડબ્રહ્માના રામભાઈ લલ્ભુભાઈ સુથાર પોતાના ઘેર આવતા હતા. ત્યારે પોલીસ સ્ટેશન અને વણજારા સોસાયટી વચ્ચેથી પસાર થતા હતા જણાવ્યું હતું કે અઠવાડિયા પછી ગાયો પકડવાની ઝુંબેશ ચલાવવામાં આવશે અને ગાયો પકડ્યા પછી પાછી આપવામાં આવશે નહી.

## લક્ષ્મીપુરાની હોસ્પિટલમાં મહિલાના પેટમાં રહેલા ૧ ફૂટ લાંબા સળીયાનું સફળ ઓપરેશન કરાયું

લક્ષ્મીપુરા, તા. ૧૩

૧૫ વર્ષ જેટલા લાંબા સમયગાળાથી પેટમાં રહેલા સળીયાથી પીડાતી મહિલાનું લક્ષ્મીપુરાની કે.એલ. હોસ્પિટલમાં સફળ ઓપરેશન કરી



જીવનદાન આપવામાં આવ્યું હતું.

મળતી માહિતી અનુસાર આજથી ૧૫ વર્ષ અગાઉ એક આદિવાસી ગરીબ મહિલાને વારંવાર ગેસ ટ્રબલ થતા તબીબો દ્વારા ઓપરેશન કરી પેટથી ગુદા માર્ગ સુધી એક ફુટ લાંબો સળીયો મુકવામાં આવ્યો હતો. પરંતુ મહિલા દ્વારા ઘણા લાંબા સમય સુધી કોઈ દરકાર ન લેતા થોડા સમય અગાઉ મહિલાને પેટના ભાગે ગંભીર પીડા ઉપડતા મહિલાને સારવાર માટે ખેડબ્રહ્મા નજીક આવેલ લક્ષ્મીપુરા ગામે સ્થિત કે.એલ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી જ્યાં તબીબ હેમંત ચૌધરી અને તેમના સ્ટાફ દ્વારા શસ્ત્રક્રિયા કરી મહિલાના પેટમાં રહેલ એક ફૂટ લાંબા સળીયાને દૂર કરવામાં આવ્યો હતો અને મહિલા દર્દીને જીવનદાન આપવામાં આવ્યું હતું. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

## શહેર કોંગ્રેસ ધ્વજવંદન કરશે

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિને ધ્વજવંદન કરશે. સવારે ૯.૩૦ વાગે સેકટર-૨૨ કોંગ્રેસ કાર્યાલય ખાતે ધ્વજ ફરકાવવામાં આવશે. કાર્યક્રમમાં કોંગ્રેસના સિનિયર આગેવાનો, કાર્યકરો, હોદ્દેદારો અને નગરજનોને ઉપસ્થિત રહેવા પ્રમુખ મુકેશ પટેલે જણાવ્યું છે.

# બનાસકાંઠામાં સી.સી.સી.ના નકલી સર્ટિફિકેટનો પર્દાફાશ : ૬૭ કર્મચારીઓ સામે પોલીસ ફરિયાદ

પાલનપુર, તા. ૧૩

બનાસકાંઠામાં નકલી સી.સી.સી. ના નકલી સર્ટિફિકેટના કૌભાંડનો પર્દાફાશ થવા પામ્યો છે. બોગસ સર્ટિફિકેટનો ઉપયોગ કરનાર સરકારી કર્મચારીઓએ કચેરીમાં સી.સી.સી. ની પરીક્ષા પાસ કરી તેના સર્ટિફિકેટ રજુ કરવાનો ફરજીયાત સરકારનો નિયમ છે. સી.સી.સી. સર્ટિફિકેટ ઈસ્યુ કરવાની સત્તા ડુપ્લેકેટ સર્ટિફિકેટ કૌભાંડ બહાર આવ્યું હતું. હાલ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, એસ.ટી. વિભાગ, પોલીસ વિભાગ, શાળા, કોર્ટ તેમજ આરોગ્ય વિભાગના કુલ મળી ૬૭





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)


જુદી જુદી સરકારી કચેરીના ૬૭ કર્મચારીઓ સામે આજે પૂર્વ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા સરકારી આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દરેક સરકારી પોલીટેકનીક કોલેજ પાસે છે ત્યારે આજરોજ એક કર્મચારી સીસીસી સર્ટીની કોપીમાં સીક્કો મરાવવા આવતા આ સર્ટિફિકેટ ડુપ્લીકેટ હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. વધુ તપાસ કરતા આ આખુ સીસીસી કર્મચારીઓના નામ બહાર આવ્યા છે. પોલીસે નકલી સીસીસી સર્ટીનો પર્દાફાશ કરતા જિલ્લાના સરકારી કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. જો કે હજુ પણ વધુ નામ બહાર આવવાની શક્યતા છે.

## ભિલોડા તાલુકાના કિશનગઢ ગામના બે ઈસમોને ઠપકો આપવા બાબતે જાનથી મારી નાખવાની ધમકી ઉચ્ચારતાં ચકચાર

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કિશનગઢ ગામના બે ઈસમોને ઠપકો આપવા બાબતે જાનથી મારી નાખવાની ધમકી ઉચ્ચારતાં ચકચાર જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. અરવિંદભાઈ પરમારના જણાવ્યા મુજબ ભિલોડા તાલુકાના વેજપુર ગામના પુંજીબેન શકરાભાઈ ભગોરાની પુત્રી વૈશાલીબેન ભગોરાને કોલેજમાં અવર-જવર દરમ્યાન રસ્તામાં કિશનગઢ ગામના શેખર તુલસીભાઈ સડાત અને પ્રવિણ ઈશ્વરભાઈ સડાત કોલેજીયન યુવતીને હેરાન-પરેશાન કરતા હોવાના કારણે વૈશાલીબેનના માતા પુંજીબેનએ બે ઈસમોને આ બાબતે ઠપકો આપ્યો હતો. કિશનગઢ ગામના બંન્ને ઈસમોએ અદાવત રાખી તા.૧૨/૮/૨૦૧૪ના રોજ રાત્રે ૨:૦૦ વાગ્યાના અરસામાં પુંજીબેન ભગોરાના ઘરે જઈ બિભત્સ ગાળો બોલી શકરાભાઈ ભગોરાને પેટના ભાગે ચપ્પુ મારી, જમણા કાને લાકડી મારી ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી જવા પામી છે. જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ બંન્ને આરોપીઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાઈ છે. ભિલોડા તાલુકાના વેજપુર ગામના પુંજીબેન શકરાભાઈ ભગોરાએ આ બનાવ સંદર્ભે કિશનગઢ ગામના શેખર તુલસીભાઈ સડાત, પ્રવિણ ઈશ્વરભાઈ સડાત વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.



ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી યોજાઈ હતી. અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ ધ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની સુંદર રજુઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે આર.જી.બારોટ બી.એડ્. કોલેજના આચાર્ય અમિતભાઈ ભટ્ટ ધ્વારા પુજન, આરતી, થાળ કરવામાં આવ્યો હતો. ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ ટ્રસ્ટી દેવાંગભાઈ બારોટે પુજનવિધિમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે આર.જી.બારોટ એજ્યુંકેશન કેમ્પસમાં ચાલતી વિવિધ વિદ્યા શાખાઓના આચાર્યો, સ્ટાફ પરીવાર સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. બાલકૃષ્ણનુંભગવાનનું પારણું ઝુલાવીને મટકીફોડવાનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# પ્રોજેક્ટોના અમલીકરણ માટે ૨૬૬ કરોડની નાણાકીય જોગવાઈ કરવા દરખાસ્ત

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત ઈન્ડસ્ટ્રીય કોરીડોર કોર્પોરેશન લીમિટેડ વિવિધ પ્રોજેક્ટોના અમલીકરણ માટે ૨૬૬.૪૪ કરોડની ફાળવણી કરવા માટેની એક દરખાસ્ત સરકારમાં કરી હોવાનું જાણવા મળે છે.

રાજ્યના વિવિધ વિસ્તારોમાં ઈન્ડસ્ટ્રીય કોરીડોર, ઈન્વેસ્ટમેન્ટ રીજીયન, ઔદ્યોગિક વિસ્તાર સેઝમાં આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવા અને પ્રોજેક્ટોના અમલીકરણમાં સહાયરૂપ થવા માટે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લીમિટેડની સ્થાપના કરવામાં આવી છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ કંપની દ્વારા ધોલેરા સર પ્રોજેક્ટને કુદરતી આફત સામે રક્ષણ આપવા માટે ફલડ મેનેજમેન્ટ સીસ્ટમ, લીંક ચેનલ જેવા કામો રૂ. ૩૦૦ કરોડના ખર્ચે હાથ ધરવાનું નક્કી કર્યુંછે. આ માટે રૂ. ૭૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

આ ઉપરાંત વોટર મેનેજમેન્ટના પ્રોજેક્ટ માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ કરવાની માંગણી કરવામાં આવી છે. જ્યારે ધોલેરા સર ખાતે સોલીડ વેસ્ટ અને સેવરેજ પ્રોજેક્ટ માટે રૂ. ૫૦ કરોડ, રીજીયનલ રેલ પ્રોજેક્ટ માટે રૂ. ૨૫ કરોડ, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે ૪૧.૪૪ કરોડ એમ કુલ રૂ. ૨૬૬.૪૪ ની ફાળવણી નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે કરવાની માંગણી કરતી દરખાસ્ત જીઆઈડીસીએલ દ્વારા કરવામાં આવી છે. જીઆઈડીસીએલ દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન અને જીઆઈડીસીના સહયોગથી અનેક પ્રોજેક્ટો હાથ ધરનાર હોવાનું જાણવા મળે છે. જીઆઈસીસીએલ દ્વારા વિવિધ પ્રોજેક્ટોના અમલીકરણ માટે નાણા ફાળવવા માટે કરેલી દરખાસ્તોને રાજ્ય સરકારની મંજુરી મળ્યા બાદ નાણા વિભાગ દ્વારા નાણા ફાળવવામાં આવે તે બાદ જીઆઈસીસીએલ દ્વારા આ પ્રોજેક્ટોની અમલવારી આગામી ટુંક સમયમાં જ હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રકારના પ્રોજેક્ટોના અમલીકરણ અને મોનીટરીંગ માટે રાજ્ય સરકાર દ્વારા જીઆઈસીસીએલની રચના કરવામાં આવી છે.

## ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજમાં મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી

મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી દરમ્યાન 'ચાલો કોલેજ અભિયાન' અંતર્ગત ગાંધીનગરની ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજમાં વિવિધલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન આચાર્યશ્રી ડૉ. અમૃતા પી. પટેલની પ્રેરણાથી કરવામાં આવ્યું હતું.

પુસ્તક પ્રદર્શન અને વેચાણનું આયોજન ગ્રંથપાલ સુ શ્રી મયુરીબેન પટેલના સહકારથી રખાયુંહતું. સરકારી કોમર્સ કોલેજના આચાર્યશ્રી એસ.જી. દેસાઈના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. વિદ્યા લાયબ્રેરીના ચેરમેન પ્રદીપસિંહ વાઘેલા તથા કે.સી.જી.ના સભ્યો હાજર રહ્યા હતા. સામુદાયિકા સેવા તથા એન.એસ.એસ.ના ઉપક્રમે પ્રા. ભારતીબેન દલવાડી, પ્રા. ફાલ્ગુનીબહેન પટેલ સાથી અધ્યાપકોના સહાયથી બેટી બચાવો રેલી યોજાઈ હતી. સફાઈ, વર્ગસુશોભન રખાયુંહતું. ગાંધીનગર મહિલા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ હેઠળ વ્યાખ્યાન યોજાયું હતું. ડૉ. બિન્દુબેન ભટ્ટ તથા પ્રા. પાયલબેન પંડ્યાએ ગ્રંથ ગોષ્ઠી અને રાખડી બનાવવાની, મહેંદી હરિફાઈ યોજી હતી. ડૉ. ભારતીબેન રાવલે ઝવેરચંદ મેઘાણીની વાર્તાનો રસપ્રદ આસ્વાદ કરાવ્યો હતો. રાખડી સ્પર્ધામાં પંડ્યા મેઘા, આરતી પાટીલ, ચાવડા હીના, કાસોદિયા વીણા, રાઓલ ભૂમિ વિજેતા થયા હતા. મહેંદી સ્પર્ધામાં પટેલ સ્વાતિ, ઠાકોર હુસ્ના, પરમાર પૂજા, શેખ ફરહત, ઘાંચી ફરહાદ વિજેતા થયા હતા. પ્રા. ફાલ્ગુનીબેન પટેલે માર્ગદર્શન આપ્યુંહતું.

## જે.એમ. ચૌધરીની બાળાઓ થાઈ બોકસીંગમાં રાજ્યકક્ષાએ રમશે

ગાંધીનગર, તા. ૧૩

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં અન્ડર-૧૯ થાઈ બોકસીંગ સ્પર્ધા જિલ્લાકક્ષાએ યોજાઈ જેમાં જે.એમ. ચૌધરીની કન્યાઓ પ્રથમ સ્થાને વિજેતા બની છે. વિજેતા ખેલાડીઓમાં ચૌધરી હીના, વિધિ, હિના ડી., રીપલ, હિતેશા, લક્ષ્મી, કિંજલ, ભારતી, અંજના, શીતલ આ તમામ બહેનો રાજ્યકક્ષાએ રમવા જશે. આચાર્યા શ્રી સંતોકબેન, વ્યાયામ શિક્ષકશ્રી લીલાબેન તથા પરિવારે અભિનંદન પાઠવેલ છે.

## સે-૨૧ની શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે જન્માષ્ટમીના દર્શન


ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સેકટર-૨૧ ખાતે આવેલ ગોવર્ધનનાથજીની હવેલી ખાતે જન્માષ્ટમી નિમિત્તે દર્શનનો સમય જાહેર કરવામાં આવ્યો છે. જન્માષ્ટમીના દિવસે તા. ૧૭મી ઓગસ્ટ રવિવારે મંગળના દર્શન સવારે ૫.૩૦થી ૬ વાગ્યા દરમિયાન થશે. ત્યારબાદ પંચામૃત ૬.૩૦ થી ૭ વાગ્યા દરમિયાન અને શૃંગારમાં તિલક ૧૦.૩૦ થી ૧૧ વાગ્યા દરમિયાન યોજાશે. બપોરે ૧૨ થી ૧૨.૩૦ વાગ્યા દરમિયાન રાજભોગ ધરાવાશે. સાંજે ૬.૩૦થી ૬.૪૫ ઉત્થાપન અને ૭.૧૫થી ૭.૪૫ સંધ્યા આરતી કરાશે. જયારે ૮.૪૫ થી ૯.૧૫ શયન અને ૧૦.૩૦થી ૧૧.૩૦ જાગરણ કરાશે તેમજ રાત્રે ૧૨ વાગે જન્મ થશે. તા. ૧૮મી ઓગષ્ટ સોમવારે સવારે ૮ થી ૯ વાગ્યા દરમિયાન નંદ મહોત્સવ યોજાશે. આ દિવસે મંગળા શ્રૃંગાર ભીતરમાં યોજાશે અને રાજભોગ દર્શન ૧૧ થી ૧૧.૩૦ વાગે થશે.

## પીએચ.ડી. પદવી મેળવી

સે-૧૫, સરકારી વિજ્ઞાન કોલેજના પ્રાધ્યાપક રાજેશભાઈ એન. મારુએ 'એન ઈથનો બોટાનીકલ સ્ટડી ઓફ ઝાલોદ તાલુકા, દાહોદ ડિસ્ટ્રીક ગુજરાત ઈન્ડિયા' વિષય પર ડૉ. રાજેશ પટેલના માર્ગદર્શન હેઠળ સંશોધન કર્યુંછે. સંશોધન જે.જે. યુનિવર્સિટી, જુનજુનૂ માન્ય રાખતા પીએચ.ડી. પદવી એનાયત કરી છે.

## શબ્દાવલી - ૫૪૭૭



### આડી ચાવી

૧. આપ-લે કરવી, સંબંધ સાચવવા કરાતો... (૪)
૪. વાર્તાલાપ, ગપાટા (૨)
૬. શરીર (૨)
૭. બગલ થેલો (૩)
૧૦. પહોંચી, હાથનું ઘરેણું (૨)
૧૧. ભુંડ જેવું પ્રાણી (૩)
૧૩. સિંહની ગર્જના, ત્રાડ (૩)
૧૫. પગનો જોડો (૪)
૧૬. સ્તુતિ કરવા યોગ્ય (૨)
૧૮. હાથના ઘરેણાં (૨)
૧૯. 'કરી' શબ્દ ઊંધો (૨)
૨૦. ... કા મતલબ આઇ લવ યુ (૨)
૨૨. અમરવેલ, ગળો (૩)
૨૩. ઠિંગો, કોઇને અંગુઠો બતાવવો (૨)
૨૪. રોશની યુક્ત, ઝળહળ (૪)

### ઊભી ચાવી

૧. પ્રેમ, સ્નેહ (૩)
૨. વાધણી, ભારે શ્વાસનું ડચકું (૩)
૩. રખડ રખડ કર્યા કરે તેવું (૩)
૫. તૈયાર, સજ્જ (૩)
૮. લાકડું ખોદી રહેવાનું ઘર બનાવતું પક્ષી (૫)
૯. ઘરના દરવાજે શોભા વધારવા બંધાતા ફુલ-પાનના હાર (૩)
૧૨. અતિ લાડકુ, ચાગલું થવું (૪)
૧૪. જે હરણની નાભિમાંથી સુગંધી પદાર્થ નીકળે તે હરણ (૫)
૧૫. જમીન, ધરા (૨)
૧૭. ત્યજાયેલ, સ્ત્રી (૩)
૧૮. પાઘ, ફેંટો (૩)
૨૧. છુટક, ઢીલું (૨)
૨૨. અમારું (૨)

### શબ્દાવલી ૫૪૭૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) આરસપહાણ (૪) સીલ (૫) વીમા એજન્ટ (૯) કસ (૧૦) કાવડ (૧૧) હાકલ (૧૩) બફર (૧૫) જાતક (૧૭) મદ (૧૮) ઉપજ (૨૦) ત્રીશુળ (૨૧) સર્વથા

**ઊભી ચાવી :-** (૧) આજીવિકા (૨) પતજ (૩) ફલસ (૪) સીકલ (૬) માવજત (૭) એડ (૮) ન્યહાફવે (૧૨) કર (૧૪) જળોજથા (૧૫) જાવંત્રી (૧૬) કમળ (૧૮) ઉસ (૧૯) પર્વ





**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

**ટચૂકડી જાહેર ખબર**

**જોઈએ છે**

ગ્રેજ્યુએટ બહેન,
સોસ્યોલોજી-૦૪
સાયકોલોજી થયેલ, શોર્ટસ્ટે
હોમમાં કાઉન્સેલર

**કસ્તુરબા ટ્રસ્ટ, કોબા**
કોન્ટેક્ટ : ૯૮૯૮૭ ૨૨૪૦૭





ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**RAKSHA SHAKTI UNIVERSITY**
New Mental Corner, Meghaninagar, Ahmedabad - 380016
Phone : +91 79 22683624, Fax : +91 79 22683762
www.rakshashaktiuniversity.edu.in

**Admission Notice**

Admission are invited for the following courses :

**M.A. in Criminology**
No of Seats : 21
Medium : English
Eligibility : Graduate (Any Stream)
Annual Fees : Rs. 30,000/-

**M.A. in Police Administration**
No of Seats : 24
Medium : English
Eligibility : Graduate (Any Stream)
Annual Fees : Rs. 30,000/-

Condidate may walk in original & copy of certificates for spot admission during office hours from 13th to 22nd August, 2014

**Candidates having above degree are given priority in Gujarat Police recruitment as per government norms.**

ક્રમાંક/સંમાહિ/અમદ/૯૬૩/૨૦૧